# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-10-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સરકાર ડિજિટલ અને ઓનલાઈન શિક્ષણ કાર્યક્રમો દ્વારા 25 કરોડ વિદ્યાર્થીઓને જોડશે.
2) વસ્તુ અને સેવા કર કાઉન્સિલે કર અધિકારીઓની ધરપકડની સત્તા નાબૂદ કરી.
3) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે આ વર્ષે 1 ટ્રિલિયન ડોલર નિકાસ સુધી પહોંચવાનું ભારતનું લક્ષ્ય.
4) દિગ્ગજ ફિલ્મ અભિનેતા નાના પાટેકરનું આજે 75 વર્ષની વયે અવસાન.
5) કેનેડિયન લેખિકા એન કાર્સનને સાહિત્ય ક્ષેત્રમાં નોબેલ પુરસ્કાર આપવામાં આવશે.
6) પી. વી સિંધુ ફિનલેન્ડમાં રમાઈ રહેલી આર્કટિક ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા.

************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-INDIA-MOBILE-CONGRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના યશોભૂમિ ખાતે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના દસમા સંસ્કરણનું ઉદ્ઘાટન કર્યું. તે ટેલિકોમ્યુનિકેશન, ડિજિટલ કનેક્ટિવિટી અને ટેકનોલોજીકલ નવીનતામાં ભારતની નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. ચાર દિવસીય પરિષદ ગઈકાલે શરૂ થઈ હતી. આ વર્ષની થીમ "સીમાઓથી આગળ વિસ્તરણ" છે. આ પ્રસંગે બોલતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના પ્લેટફોર્મે ભારતમાં ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્ર અને ડિજિટલ કનેક્ટિવિટીનો વિકાસ જોયો છે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું કે આજે, દેશના દરેક જિલ્લામાં 5G કનેક્ટિવિટી પહોંચી ગઈ છે. શ્રી મોદીએ ઉમેર્યું કે ભારતમાં હવે 5G કનેક્ટિવિટી માટે 5 લાખ 50 હજારથી વધુ બેઝ સ્ટેશન છે.

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે સરકાર આશરે 25 કરોડ વિદ્યાર્થીઓને વિવિધ ડિજિટલ અને ઓનલાઈન શિક્ષણ પ્લેટફોર્મ સાથે જોડવાનો પ્રયાસ કરી રહી છે. શ્રી મોદીએ દીક્ષા પ્લેટફોર્મ દ્વારા ભારતમાં ડિજિટલ શિક્ષણના વધતા મહત્વ પર પ્રકાશ પાડ્યો.

(BYTE : PM DIKSHA)

***ऑनलाइन एजुकेशन के लिए हमारा एक दीक्षा प्लेटफार्म है। कोविड के दौरान जुलाई 2022 तक इस प्लेटफार्म पर 500 करोड़ से ज्यादा लर्निंग सेशंस और करीब 6 हजार करोड़ लर्निंग मिनट्स दर्ज हुए हैं। अब हमारा प्रयास है, हमारे जितने भी डिजिटल और ऑनलाइन शिक्षा के माध्यम हैं, उनसे करीब 25 करोड़ स्टूडेंट्स को जोड़ सकें। यानी साथियों, टेलीकॉम के क्षेत्र में जो रेवोल्यूशन आई है, इसका भारत के नागरिकों को सीधा-सीधा फायदा हुआ है।***

કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ 5G ને વિશ્વની સૌથી ઝડપી અપનાવવામાં આવેલી ટેકનોલોજી બનાવવા બદલ ઉપકરણ ઉત્પાદકો, ટેલિકોમ ઓપરેટરો અને ટેલિકોમ ક્ષેત્ર સાથે સંકળાયેલા દરેક વ્યક્તિની પ્રશંસા કરી.

# PM-WCD-SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં મહિલા અને બાળ વિકાસ પર વિભાગીય સમિટના સમાપન સત્રમાં હાજરી આપશે. બે દિવસીય વિભાગીય સમિટ આજથી શરૂ થઈ.

# PM-AKIE-ABE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જાપાનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગસ્થ શિન્ઝો આબેના પત્ની અકી આબેને મળ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે તેઓ ભારત સાથેના તેમના લાંબા જોડાણને ખૂબ મહત્વ આપે છે. તેમણે કહ્યું કે શિન્ઝો આબે એક નજીકના મિત્ર અને સ્વપ્નદ્રષ્ટા નેતા હતા. પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું કે ગઈકાલે વારાણસીના રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર ખાતે 'આબે મેમોરિયલ કોરિડોર'નું ઉદ્ઘાટન ભારત-જાપાન મિત્રતામાં તેમના કાયમી યોગદાનને યોગ્ય શ્રદ્ધાંજલિ છે

# GST-COUNCIL-MEETING

વસ્તુ અને સેવા કર - GST કાઉન્સિલે કર અધિકારીઓની ધરપકડની સત્તા નાબૂદ કરી છે. કાઉન્સિલે કાર્યવાહી માટે મર્યાદા 1 કરોડ રૂપિયાથી વધારીને 5 કરોડ રૂપિયા કરી છે. દંડ અને કેદ અંગેનો નિર્ણય સક્ષમ કોર્ટના વિવેકબુદ્ધિ પર છોડી દેવામાં આવ્યો છે. કરદાતાઓ જે કર ફાઇલ કરવામાં વિલંબ કરે છે, ડિફોલ્ટ કરે છે અથવા કર ચૂકવવામાં વિલંબ કરે છે તેમને વસૂલાત, વ્યાજ અને પ્રમાણસર દંડનો સામનો કરવો પડશે.

નવી દિલ્હીમાં આજે GST કાઉન્સિલની બેઠક બાદ, નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને દર માળખાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

# GOYAL-CII-SUMMIT

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારતે ગયા વર્ષે 863 અરબ ડોલરની નિકાસ નોંધાવી હતી અને આ વર્ષે 1 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાનું લક્ષ્ય રાખ્યું છે. શ્રી ગોયલે આજે નવી દિલ્હીમાં 31મા CII ભાગીદારી સમિટના ઉદ્ઘાટન સમારોહમાં આ નિવેદન આપ્યું હતું. આ સમિટ આગામી મહિનાની 12મી અને 13મી તારીખે વિશાખાપટ્ટનમમાં યોજાશે. શ્રી ગોયલે કહ્યું હતું કે જ્યારે વૈશ્વિક અર્થતંત્ર સતત આંચકાઓનો સામનો કરી રહ્યું છે અને વૈશ્વિક વૃદ્ધિ 3 ટકાથી નીચે આવવાની ધારણા છે, ત્યારે ભારતની નિકાસમાં એક વર્ષમાં લગભગ 16 ટકાનો વધારો થયો છે.

# ACTOR NANA PATEKAR DEMISE

દિગ્ગજ ફિલ્મ અભિનેતા નાના પાટેકરનું આજે 75 વર્ષની વયે અવસાન થયું. ગોવામાં તેમના ઘરે હૃદયરોગનો હુમલો આવતા તેમને હૉસ્પિટલ દાખલ કરાયા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતા. વિશ્વનાથ પાટેકર કે, જેમને સમગ્ર વિશ્વ નાના પાટેકરના નામથી ઓળખે છે. તેમનો જન્મ પહેલી જાન્યુઆરી 1951ના રોજ મહારાષ્ટ્રમાં થયો હતો. ત્રણ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી સન્માનિત નાના પાટેકરે અનેક યાદગાર ફિલ્મોમાં પોતાના અભિનયથી દર્શકો વચ્ચે અલગ ઓળખ બનાવી હતી. રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ સ્વર્ગીય નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપી.

# VAISHNAW-AI

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી છે કે કૃત્રિમ બુદ્ધિમત્તાના નિયમન પર એક પરામર્શ પત્ર આવતા મહિને બહાર પાડવામાં આવશે. આજે કૃત્રિમ બુદ્ધિમત્તાના વચન પર વિશ્વ વિકાસ અહેવાલ 2026 રજૂ કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું.

પરામર્શ પત્ર AI અને સાયબર સુરક્ષા, AI ના ફાયદા અને સંભવિત નુકસાન પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે કહ્યું કે આ પત્ર સમાજના તમામ વર્ગો સુધી AI ના ફાયદાઓ પહોંચાડવા અને ડીપફેક જેવા હાનિકારક એપ્લિકેશનોથી લોકોને બચાવવા પર ભાર મૂકશે.

# GADKARI-NH-10

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સિક્કિમમાં રંગપો અને રાનીપૂલ વચ્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગ 10 ના વિકાસ માટે 993.64 કરોડ રૂપિયાની મંજૂરીની જાહેરાત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ કોરિડોરને પાકા કિનારાવાળા બે-લેન ધોરીમાર્ગમાં પરિવર્તિત કરશે અને અપગ્રેડ કરેલ કોરિડોર ગંગટોક અને સિક્કિમના અન્ય ભાગોને સુરક્ષિત, ઝડપી અને વધુ મજબૂત કનેક્ટિવિટી પ્રદાન કરશે.

# SC-COMMITE-PHARMACEUTICAL

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને ત્રણ સભ્યોની સમિતિની રચના કરવાનો નિર્દેશ આપ્યો છે જેમાં દવા બનાવતી કંપનીઓની વેચાણ પ્રથાઓના કાયદાકીય નિયમનની જરૂરિયાતની તપાસ કરી શકાય, જેમાં ડોકટરોને આપવામાં આવતી ભેટો અને અન્ય લાભોનો સમાવેશ થાય છે.

ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની ખંડપીઠે દવા બનાવતી કંપનીઓ અને ડોકટરો વચ્ચે અનૈતિક પ્રથાઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરતી અરજીની સુનાવણી કરતી વખતે આ નિર્દેશ આપ્યો હતો. આગામી સુનાવણી આવતા વર્ષે 29 જાન્યુઆરીએ થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM SEVA SANKALP ABHIYAAN

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ થયા છે. "જનસેવા દ્વારા રાષ્ટ્રની સેવા" ના મંત્ર દ્વારા સંચાલિત તેમની યાત્રા અતૂટ સમર્પણ અને પ્રતિબદ્ધતાને સમર્પિત છે. આજે, એક ખાસ શ્રેણીમાં, અમે ઐતિહાસિક જલિયાંવાલા બાગ સ્મારકના પુનર્વિકાસ વિશે માહિતી રજૂ કરીએ છીએ.**

## (CAPSULE : AJAY INDREKAR – JALIYAWALA BAG)

*જલિયાંવાલા બાગનો ઉલ્લેખ 1919 માં અમૃતસરમાં બ્રિટીશ સરકારે કરેલા અત્યાચારોની પીડાદાયક યાદોને તાજી કરે છે. 13મી એપ્રિલે વૈશાખીના દિવસે બ્રિગેડિયર જનરલ ડાયરે તેમના સૈનિકોને સેંકડો નિર્દોષ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો હતો, જેમાં અનેક લોકોની હત્યા થઈ હતી. આ પ્રદર્શનકારીઓ રોલેટ એક્ટનો શાંતિપૂર્ણ વિરોધ કરવા માટે ભેગા થયા હતા.*

*28 ઓગસ્ટ, 2021 ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શહીદોની યાદમાં બાંધવામાં આવેલ જલિયાંવાલા બાગ સ્મારક રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. પંજાબની અનોખી સ્થાપત્ય શૈલીને ધ્યાનમાં રાખીને અનેક વિકાસ વારસાનું પુનઃસ્થાપન કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં ચાર મ્યુઝિયમ ગેલેરીઓ બનાવવામાં આવી હતી, જેમાં એક ધ્વનિ અને પ્રકાશ શો શરૂ કરવામાં આવ્યો હતો. સ્મારકને જોવા અને શ્રદ્ધાંજલિ આપવા આવેલા દેશભરના પ્રવાસીઓએ પુનર્વિકાસના પ્રયાસોની પ્રશંસા કરી હતી.*

*(BYTE : VISITOR)*

*જલિયાંવાલા બાગ સ્મારક હંમેશા સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ભારતીયો દ્વારા આપવામાં આવેલા બલિદાનના પ્રતીક તરીકે યાદ રાખવામાં આવશે. રાજેશ બાલી સાથે અજય ઈન્દ્રેકર, આકાશવાણી, અમદાવાદ.*

# NOBEL-LITERATURE-CARSON

કેનેડિયન લેખિકા એન કાર્સનને નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવશે. સાહિત્ય ક્ષેત્રે તેમના સાહસિક અને કલ્પનાશીલ લેખન માટે તેમની પસંદગી કરાઇ છે. સ્વીડિશ એકેડેમીએ સ્ટોકહોમમાં આ પુરસ્કારની જાહેરાત કરી.

# ARCHTIC OPEN BADMINTON TOURNAMENT

ભારતની પી. વી સિંધુ ફિનલેન્ડમાં રમાઈ રહેલી આર્કટિક ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયા છે. સિંધુએ આજે મહિલા સિંગલ્સની પ્રી ક્વાર્ટર ફાઇનલમાં જાપાનની ખેલાડી રિકો ગુંજીને હરાવીને આગળ વધી છે. તન્વી શર્મા મહિલા સિંગલ્સમાં અને થરુણ મન્નેપેલી પુરુષ સિંગલ્સમાં હારી જતાં ટુર્નામેન્ટથી બહાર થયા છે.

# NAMO BOOK FAIR JITENDRA SINGH

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સરકારના વડા તરીકેના સતત કાર્યકાળ સહિતના બંધારણીય પદ પર 25 વર્ષ પૂર્ણ કરવા તે લોકશાહી વ્યવસ્થામાં એક વિક્રમ છે.

વારાણસીના રુદ્રાક્ષ ઇન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત બે દિવસીય નમો બુક ફેસ્ટિવલને સંબોધતા ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું કે છેલ્લા 12 થી 13 વર્ષોમાં, પ્રધાનમંત્રી મોદીના બહુપક્ષીય વ્યક્તિત્વની વિશ્વભરમાં નોંધ લેવાઈ છે અને

નમો બુક ફેસ્ટમાં શ્રી મોદીના જીવન, નેતૃત્વ અને નીતિઓ સાથે સંબંધિત 500 થી વધુ પુસ્તકો એક જ મંચ પર પ્રદર્શિત કરવામાં આવ્યા છે.